મહત્વાકાંક્ષા વગરની આવડત એ પેટ્રોલ વિનાની કાર જેવી છે
- જર્મન કહેવત

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૭૦ | ૩૧ ઓગષ્ટ, ૨૦૧૩, શનિવાર; શ્રાવણ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## એગ્રો વાયબ્રન્ટ સમીટ અંતર્ગત ૮મીથી કૃષિ વિષયક પ્રદર્શન

### મહાત્મા મંદિર ખાતે કૃષિ સંશોધન અને વિકાસની ઝાંખી કરાવતા વિશાળ પ્રદર્શનનું મુખ્યમંત્રી ઉદ્‌ઘાટન કરશે

ગાંધીનગર, તા. ૩૦

એગ્રો વાયબ્રન્ટ સમીટ અંતર્ગત ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે કૃષિ વિષયક સંશોધન અને વિકાસની ઝાંખી કરાવતુ એક વિશાળ પ્રદર્શન પણ યોજવામાં આવનાર છે.

૮મી સપ્ટેમ્બરના રોજ સાંજે એક સાદા છતાં દબદબાભર્યા સમારોહમાં રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી આ પ્રદર્શનને ખુલ્લુ મુકશે.

મળતી વિગતો પ્રમાણે આ પ્રદર્શનમાં ગુજરાતના ખેડૂતોએ કૃષિ ઉત્પાદન માટે કરેલા નવતર પ્રયોગો તેમજ તેમની સફળતાનું વર્ણન રજુ કરવામાં આવનાર છે. આ પ્રદર્શનમાં કૃષિની સાથે પશુપાલનને પણ એટલુ જ મહત્વ આપી તેના પણ વિશેષ સ્ટોલ બનાવવામાં આવનાર છે.

આ માટે અત્યારે ૫૦ જેટલા સ્ટોલ નિયત કરાયા છે. આ ઉપરાંત કૃષિમાં બાગાયત પાકો, એગ્રોપાર્ક, ટપક સિંચાઈ પદ્ધતિ સહિતની સુવિધાઓ અંગે પણ બીજા સ્ટોલ્સ ઉભા કરવામાં આવનાર છે.

કૃષિ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રોના જણાવ્યાનુસાર કૃષિ વિભાગ દ્વારા પ્રદર્શન ઉપરાંત ખેડૂતોને પ્રોત્સાહિત કરવા માટે ફિલ્ડ વિઝીટ

● અનુસંધાન પાન-૭ પર

## 'પોતાના દુશ્મન પોતાના જ ઘરમાં' નવતર પ્રચાર અભિયાન આરંભતુ આરોગ્યતંત્ર

### સે. ૭, સે. ૧૭, ધોળાકુવા, સરગાસણમાં ચિકનગુનિયા-ડેગ્ન્યુના કેસો વધ્યા : સે. ૭માં મચ્છરોની ઘનતા ચિંતાજનક બની છે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરના સે. ૭, સે. ૧૭, ધોળાકુવા, સરગાસણ સહિત કેટલાક વિસ્તારોમાં ચિકનગુનિયા અને ડેન્ગ્યુના કેસો અન્ય વિસ્તારોની સરખામણીમાં વધુ દેખાતાં આજે આરોગ્ય વિભાગે જન જાગૃતિ અભિયાન અંતર્ગત 'પોતાના દુશ્મન પોતીકાના જ ઘરમાં' જેવું નવતર પ્રચાર અભિયાન હાથ ધર્યું છે.

ગાંધીનગર શહેરના સે. ૭માં ચિકનગુનિયાના ઘણા બધા કેસો નોંધાયા છે. જો કે તંત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળતી વિગતો મુજબ આ કેસો માઈલ્ડ ચિકનગુનિયાના છે. જેમાં સાંધાના દુઃખાવાની ફરિયાદો જોવા મળી રહી છે.

જિલ્લા કલેક્ટર કચેરી તેમજ જિલ્લા પંચાયતના કેટલાક કર્મચારીઓ અને અધિકારીઓ જ આ રોગની ઝપટમાં આવ્યા છે. એક કર્મચારીને તો શરીર પર સોજા આવી જવા પામ્યા છે.

આજે આરોગ્ય તંત્રની ટીમે સે. ૭માં તેના ધામા નાખ્યા હતા અને સર્વેલન્સ સઘન બનાવ્યુ છે તેમજ એન્ટી લારવેલની કામગીરીને પણ સઘન બનાવી દીધી છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૭માં ખાલી સરકારી આવાસોની સંખ્યા વિશેષ છે અને આ સેક્ટરમાં મચ્છરોની ઘનતા પણ અન્ય સેક્ટરો કરતાં વધુ જોવા મળી રહી છે. સે. ૭, સે. ૧૭ ઉપરાંત ધોળાકુવા,

● અનુસંધાન પાન-૭ પર






## કરાર આધારિત નિમાયેલ અધિકારીઓને પ્રવાસ ભથ્થુ અપાશે

ગાંધીનગર, તા.૩૦

નિવૃત્તિ બાદ સરકારના વિવિધ વિભાગોમાં કરાર આધારિત રાખવામાં આવેલા અધિકારીઓને પ્રવાસ ભથ્થું આપવાનો સરકારે નિર્ણય કર્યો છે.

નાણા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સચિવાલયના વિવિધ વિભાગો તેમજ તાબા હેઠળની કચેરીઓમાં કેટલાક સંવર્ગની જગ્યાઓ ખાલી હોવાના કારણે સ્ટાફની અછતને ધ્યાનમાં રાખીને રાજય સરકાર દ્વારા નિવૃત્તિ બાદ કેટલાક અધિકારીઓ કર્મચારીઓને કરાર આધારિત નિમણુંકો આપવામાં આવે છે.

નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણુંક પામેલ અધિકારીઓ કર્મચારીને કોઈ સરકારી કામકાજ અર્થે પ્રવાસે જાય તો તેમને પ્રવાસ ભથ્થું આપવામાં આવતું ન હતું. આથી આ અંગે રાજય સરકારને રજુઆતો મળતાં રાજય સરકારે કરાર આધારિત નિમણુંક પામેલ અધિકારીઓને જો કોઈ સરકારી કામકાજ અર્થે પ્રવાસે બહારગામ જવાનું થાય તો તેમને પ્રવાસ ભથ્થું આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.











